करणघेलानां नाटकमां गवातां गायनो.

રચનાર

ડાહ્યાભાઈ છગનલાલ પંડ્યા.

પ્રસિદ્ધ કરનાર,

ઠા૦ દામોદર રતનસી સોમાણી.

મુંબઈ:

સુબોધપ્રકાશ છાપખાનામાં છાપ્યું

સંવત ૧૯૪૦. સને ૧૮૮૪.

કિમ્મત ૧ આનો.

સારી ચાય, સસતો ભાવ.

ચીનાઈ.

	કિમ્મત રતલના	રૂ.	આ
ફ્લાવરી પીકુ નંબર ૧	... ...	૨	૦
ફ્લાવરી પીકુ „ ૨	... ...	૧	૮
સુંદર ચીનાઇ રોઝ પૌંચાગ	... ...	૧	૦
સુપરફાઇન રોઝ પૌચાંગ	... ...	૦	૧૪
ફ્લાવરી આરેંજ પીકુ	... ...	૦	૧૪
ફાઇનેસ્ટ સેન્ટેડ આરંજ પીકુ	... ...	૦	૧૨
ઇમપીરિયલ કૅસો કાંગો	... ...	૦	૧૨
કૅસો કાંગો...	... ...	૦	૧૦
કાંગો	... ...	૦	૯

હીંદુસ્થાની ચાહે.

કાંગ્રાવેલી ફ્લોવર પીકુ.	... ...	૧	૮
કાંગ્રાવેલી એક્સ્ટ્રા ફાઇન આરેંજ પીકુ	... ...	૧	૪
કાંગ્રાવેલી એક્સ્ટ્રા ફાઇન પીકુ	... ...	૧	૨
દામોદર મીક્સચર	... ...	૧	૨
રાયલ ફેમેલી મીક્સચર	... ...	૧	૦
કાંગ્રાવેલી પીકુ સૌચાંગ	... ...	૧	૦
કાંગ્રાવેલી સૌચાંગ	... ...	૦	૧૨
ઇન્ડિયન કોંગો	... ...	૦	૧૦
બ્રોકન મીક્સચર	... ...	૦	૧૦
મીશીનમાં દરેલી મુંબાઈ કાફી રતલ ૧ ના.	...	૦	૧૦

મુસાફરીમાં વાપરવા લાયક બતી ઉપર ચાહે કરવાના ફાનસો.

૨૧૯૨

करणघेलाना खेलमां गवातां गायनो.

बधां पात्रो संगाथे इश्वर प्रार्थना करे छे.

જીલ્લા ઝીંઝોટી.

કરીમ રહીમ તું કર કરૂણા—(એ રાગ.)

પતીત તણો પ્રભુ પાલક તું,
પાપ અમાપતણા પરીતાપે દુખવન્હિમાં બળીએ;
રે શ્રીહરી ! કામાદિ ક્રોધ ટાળક તું, પતીતતણો —ટેક.
મોહ, સ્વાર્થ પાપ, તમ, પ્રેર બુદ્ધિ જાય જ્યમ,
થાય જ્ઞાન આભાસ, ઇન્દ્રિયોનો ત્રાસ, ટળી થાય વિનાસ.
શરણાંગત પ્રતિપાળકનું બિરદ અમે તો ધરીયે, રે શ્રીહરી.

भुतडां समशानमां गाय छे.

ધનાશ્રી.

કૃષ્ણ કરો જજમાન—(એ રાગ.)

પાપ ન છુટે જાણ, સજા વિણ પાપ ન છુટે જાણ—ટેક.
" કરણી જેવી તેવી ભરણી," શાસ્ત્રનું એ પ્રમાણ; સજા.
લક્ષ ચોરાશી કેરા ફેરા, જાણે ન જીવ અજાણ; સજા.
કરમ પુરવનાં જીવને ઘેરી, કરે તાણાતાણ; સજા
પોતાનું મુળ પિછાણે જે જન, એજ ચતુર સુજાણ; સજા

નગરની સ્ત્રિયો દેવીને મંદીર જતાં ગાય છે.

લાવણી.

સુણો સજન ગણો સત—(એ રાગ.)

ધરો ચરણ ધરણ પર બે'ની તમે જઈએ માતાની ભણી,
સુખકરણ દુખહરણ દેવી તે, ઊજવળ વરણજ ઘણી;—ટેક.
અંબીકા ભવ પાપ, તાપ હારિણી,
મહિષાસુર મારી, સુર સુખકારિણી;
રિઝે તો સુખ, સિદ્ધિ, શાન્તિદાયિણી,
નિજ ભક્તોને ભવસિંધુ પારતારિણી; ધરો ચરણ.

દેવીના મંડપમાં રૂપસુંદરી બીજી સ્ત્રિયો સાથ ગાય છે.

ગરબો.

અંજની સુત હનુમાન મેરી—(એ રાગ.)

જગતની માતા, દે સુખ શાતા, તુજ ચરણમાં પડિયેરે,—ટેક.
નારદ, સારદ, ગુણ ગણે છે, શેષ, મહેષ સૌ ઘડિયેરે, જગત
કૃપારૂપી માજી વૃષ્ટિ કરો નિત, દવાર તારે આવી અડિયેરે, જગત.

રૂપસુંદરી માધવને જગાડતાં ગાય છે.

બિભાસ.

વંદુ દિન પતી ઉદિત ઉદાર—(એ રાગ.)

ઉઠો પ્રિય પતી થયું છે સવાર, થયું છે સવાર, પતી થયું છે સવાર—ટેક.
પવન સુવાસિત પુષ્પ કરે છે, મંદ અતિ સુખકાર, ઉઠો.

કમલ સરોવર વિશે વિકાસ્યાં, ભ્રમર છુટયા આ વાર, ઉઠો.
સુક, સારિકા, મયુર, કોકીલા, કરે મધુર ઉચ્ચાર, ઉઠો.
સુર્યના કિરણોએ દોડી વિદાર્યું, ભુંડું જે અંધકાર, ઉઠો.
રવિને રીઝવવા ધરાએ પેરી, સાડી સોનેરી સાર, ઉઠો.

માધવને પરગામ જતો અટકાવવા રૂપસુંદરી કરગરે છે.

ઠુમરી.

જટામેં શીલે શીરીમેં જાપે—(એ રાગ.)

રૂપસુંદરી—પ્રિય પતી ! છોડીજશો નહી મુંને, મન ગભરાય આજે.
માધવ—વ્હાલિ ! ભિરૂ થવું ઘટે નહી તુંને, નાગરિ ગ્નાત લાજે.
રૂપ—ખરૂં પણ કાલ જજો નહી રોકું, ડાબી મુજ આંખ ફરૂકે.
માધવ—ધીરી પડ ધીર ધરી ઓ અધિરી, વૃથા ડરથી તું થરકે.
રૂપ.—સાથે લ્યોજી, નાથ જોડી હાથ યાચું, જેથી દુઃખ થાય દૂર.
માધવ—આવીશ દિન સાત મહીં કહું સાચું, કેશવ ઘર રાખું શૂર.

રૂપસુંદરી ધણીના વિજોગથી થયેલી હાલત વરણવે છે.

ગઝલ.

ગમે દુરીશે જી જલતા હે—(એ રાગ.)

પતીવિયોગે મન મારૂં, બાવરૂં થાયે, બાવરૂં થાયે,
અતિ ગભરાઇ મુઝાયે. પતી વિયોગે,—ટેક.
શશી વીણ ચકોર ચિત્તમાં, ચટપટ ઝાઝી થાય,
ચાત્રક સ્વાતિ બિંદુની, વાટ જોઈ અકળાય,
વાટ જોઈ અકળાય, ઘડી યુગ જેવી જણાયે. પતી.

મૃગલી છુટી જુથથી, વચ્છ ગાય વિણુ જેમ,
પક્ષિ દાવાનલ વિશે, તરૂણી પતિ વિણુ તેમ;
તરૂણી પતિ વિણુ તેમ, આંસુથી ચીર ભીંજાયે પતી.
સર્વેશ્વર સંયોગથી, પતિ વિહિને કાપ,
કદી વિયોગ પડે નહીં, એ વર માગું આપ;
એ વર માગું આપ, જેથી તન તાપ બુઝાયે. પતી.

रूपसुंदरी करणना मेहेलमां तेना त्रासथी विलाप करे छे.

કલ્યાણ.

કીસ કદર મૈં જો કરૂં યાર—(એ રાગ.)
ધીરજ ધરાય નહી, સુખ શાન્તિ થાય નહીં,
કરૂં શું ને જાઊં કહીં, વિશ્વ ખાવા ધાય છે;
પુરવનાં ફુટયાં પાપ, અમાપ તે આપે તાપ,
આ ભવનો શ્રાપ, પતી વિહિનો જણાય છે;
સુખ દુખ રૂપ થયું, તન તેજ ઉડી ગયું,
હાડનું પિંજર રહ્યું, છાતી અમુઝાય છે.

रूपसुंदरी तेनी दुखदायक हालत जणावे छे.

ઝીંઝોટી.

દરદ ગમ જાને મન ઓ શીરી—(એ રાગ.)
જીવું જેનાથી વિશ્વમાં હું, તે ધણી વિણ શું ગમે ?
પાણીનું જંતુ મીન તે, દુધમાં શી રીતે રમે ?

પ્રીતિનો રંગ પકવ જે, માટે ન ધુવો જો તમે.
ચકોરને હજારો સુર્ય, કહો શશી વિના ગમે?

नगरजनोए गुणसुंदरी तरफ देखाडेली दया.

બીહાગ.

ગુણસુંદરી સુંદર નાર, સતિ થઇ તજી સંસાર,
તન તાપને બાળી, પતી સાથરે ચાલી. ગુણસુંદરી—ટેક.
ક્ષણભંગુર કાયા સાર, મોહ મમતા ભરી અપાર,
કરી તેનો તીરસ્કાર, નિજ ધર્મ કર્યો સ્વિકાર. ગુણસુંદરી
ભવસાગર કરશે પાર, કરી સફલ મનુષ અવતાર,
ફલ સ્વર્ગનું સુખકાર, જો અચળ પતી પર પ્યાર. ગુણસું.
ઘટે આપણને આ વાર, જવું સરસ્વતી કિનાર,
આશિષ સતી દુખહાર, શિર કરવી અંગીકાર, ગુણસુંદરી.

माधव जंगलमां शोक करे छे.

ભૈરવી.

કહાં ગયો શેહેજાદા જાની—(એ રાગ.)

હવે દશા શી વિશ્વમાં મારી, ખોઈ નારી એ ઘા દીલ કારીરે. હવે.ટે
જતાં પ્રવાશે જાણ્યું ન આવી, થશે સંસારની ખ્વારીરે. હવે.
આતે તજ્યો દેહ સુટેક માટે ધર્મ બજાવ્યો ધીર ધારીરે. હવે.
સ્વર્ગે ગઇ નારી તેની સતી થઈ, જન્મ સફળ જયકારીરે. હવે.
ઘર ઘડીમાં વન થયું મુજ, એ તન દુખ છે ભારીરે હવે.
વન વન ભમતો કરૂં કરણને, વેર રાખું દીલ જારીરે. હવે.

जात्रालुओ भजन करे छे.

ધોળ.

આ તન રંગ પતંગ સરીખો—(એ રાગ.)

એક હરીનું નામજ સાચું, અન્ય સકળ છે કાચુંજી.
ધન તનમાં જન ફોગટ નાચે, ભજ હરનીશ પ્રભુ યાચુંજી
માયા, મમતા, મોહ ને આશા, પાશ થકી બંધાયોજી.
કિરતી આશા મરતાં ન મટશે, શ્વાન પેરે અથડાયોજી;
કોડી કોડી જોડી કીધા કરોડો, દોડી અહિ તહિ પ્રીતેજી.
પાઈ ન પુન્યમહીં ખરચાઇ, મરણ ધર્યું નહી ચીતેજી;
દ્રશ્ય પદારથ ઈશ્વર માન્યો, પરમારથ નહી જાણ્યોજી.
જપ, તપ વિના અંતે મુઝાયો, કર્મબંધે જકડાયોજી.

माधव देवीनी स्तुती करे छे.

ચતરંગ કલ્યાણની.

મા ચતરંગ રસ શણુગાવરી—(એ રાગ.)

સુરંગ અંગી તું બહુચરી, ગાયે છે મૂનીયો,
રૂપછે અનુપ, તારો—આ—સ—રો, સુરંગ—ટેક.
સુંદર ઝર ચીર કોર મઝાની, ત્રીકાળ ધૂત ધુમ,
માનની ગાન તનનનન, માનની ગાન તનનનન;
સાદરથી ગુણીજન માની, માની નીમ, વાણી દીન,
કે'તું ધનનનનન; સુરંગ અંગી.

देवी माधवने उत्तर आपे छे.

મરાઠી ચાલની સાકી.

રે માધવ ! શુણુ સાવધ થઈને શોકસિંધુ તરાવું,
ધિરજ ધર, પરહર નિરાશા, વેર મારગ દરશાવું;
જા દીલ્લી છે યવન રાજા, તેને દુઃખ જણાવું,
તો સરવે તુજ કારજ સરશે, લખ્યું વિધીયે આવું.

जात्राळुओ रातवासो करया पछी भजन ललकारे छे.

કંસાર તાજી મેથીની ભાજી, ખાધી ઝાઝી,—(એ રાગ.)

ઘાટે ઘાટે, જઈશું વાટે, જાત્રા માટે, બહુ થાટે,
ચાલો ચાલો ઝટ ઝટ ઝટ;
ગંગ પાને ઘટ ઘટ ઘટ, પાપ ફાટે ફટ ફટ ફટ,
સંસારની કટ કટ કટ, મટે ધ્યાને ચટ ચટ ચટ, ઘાટે ઘાટે-૧

रुपसुंदरी आत्मघात करवा अगाऊ ईश्वरोपासना करे छे

રાગ—સીતાના મહીનાનો.

દુખહરતાં દયાળુ દેવ, દુખેથી દબાઇ છું,
નિરાધાર, પરાધીન કાય, જાળે વિંટળાઇ છું;
દશે દિસા ધસે સમશાન, સમી ખાવા મને,
રાત્રિ દીવસ, દિવસ રાત્ર, ચિન્તા લાગી તને:
વિષયી નરનાથને હાથ, પડી હું અનાથ જો,
જગકાર ચડો મુજ વા'ર ઘણી હું લાચાર જો;

વિખુટી છુટી વ્હાલાંની પ્રિત, છુટી નસીબે ખરી,
પતિ વિહેં અતિ ગતીભંગ, વિનંતી કરૂં હરી.

एक रजपुत ठाकोर आगळ कंचनी गाय छे.

પિલુનો ઝીલ્લો.

ધન ધનરે સતીનાર,—(એ રાગ.)

દિન દિન રે પ્રજા પ્યાર. પામો ઝાઝો હો. દિન દિનરે.—ટેક.
રાજનિતીથી નીત વધારો, નવનિત શોભા અપાર. દિન.
ચાર પદારથ સાધો તજીને, અનર્થ વ્યર્થ કુવીકાર. દિન
સાગરનું ધન ભંડારમાં હો, ન્યાય પ્રવાહ વિસ્તાર. દિન.
ગુણીજનોને પોષણ રૂપે, થાઓ સકલ જયકાર. દિન.

हरपालने जोवाथी एक रजपुतनी छोकरी मोहमां पडेछे.

ભૈરવીની ગઝલ.

ખ્વાબમેં દેખાહુ હમને આજ—(એ રાગ.)

મુખ નિરખીને તે નરનું, વ્યાકુળી તનમાં થઇ,
સ્થિરતા, ધીરતા ભુલી હું, મૂઢ શુન્ય બની ગઈ;
શ્યાથી મારી ચિત્તવૃત્તિ, રે ભ્રમિત બની ગઈ,
કંપું કેમ, કળે ન મુજને, જે હતી તે હું નહીં;
પ્રેમની જ્વાળાથી લાગું, શું કરૂં સુઝતું ન કંઇ,
એકઠી જો થાય આંખો, એજ આશા ઉર મહીં.

करणनुं लष्कर संग्रामनी तैयारी करतां गाय छे.

બીહાગ.

વીધાતા એ વીરા જતો રાજ —(એ રાગ.)

રણાંગણ વિશે રજપુત પુત આવો,
દારૂણ યુદ્ધને માટ, શસ્ત્ર ઝળકાવો. રણાંગણ—ટેક.
રક્ષવા બ્રાહ્મણ ગાય, કોદંડ કોડેથી સાંધ્ય.
ધર્મ ક્ષત્રિનો ગણાય, ધજા ફરકાવો. રણાંગણ
તોપ, બંદુક ને તીર, ભાલા, બરછી, ઝંઝીર,
સાંગ, ફરસી, કટાર, અસી લટકાવો. રણાંગણ.
મરવું મારવું સાર, આ પાર કે પેલે પાર,
છુતે જયજયકાર, નોબત ગગડાવો. રણાંગણ.

अल्लाउद्दीननुं लश्कर कुच करतां गाय छे.

એક અંગ્રેજી ગાયનને મળતો

હમ ટુકડે ટુકડે કરકે દુશ્મનકો રગડેંગે આન,
હમ પ્યાસે લોગ કાફરોકું, માર કરે ઘમસાન. હમ.—ટેક
હમ ડરતે નહી ઓર કરતે, જખમ ખંજરસેં મેદાન,
હમ જંગ મચાવે રંગ, ઉડાવે ગભરાવે કુફરાન હમ.

करणनुं लष्कर लढाईपर कुच करतां गाय छे.

ગઝલ.

પડા કીસ લિયે લાહોલ કિયા હમપેં—(એ રાગ.)

ચાંપે ચલાવો ચરણ, ટેક ક્ષત્રીનો ધરી,
થાયે અમર નામ જેથી, વાત એ ખરી. ચાંપે.—ટેક.

મ્લેચ્છ આવ્યા દેશમાં, લડાઇને વરી,
નસાડો મારી તેમનાં, હથીયારને હરી. ચોંપે.
રજપુત નામ આપણું, ન ઝાંખું થાય જરી,
ધટે ભુમીને રક્ષવી, સંગ્રામમાં મરી. ચોંપે.

अल्लाउदीननुं लष्कर लढाईपर चढतां गाय छे.

એક અંગ્રેજી રાહ.

જાતે હમ જરૂર, બનકે ચકચુર, પેહલવાંન, પેહલવાંન,
શીપાઇ હો બહાદુર, ઓ કીર કીર કીર કીરતાર. (બેવાર.)
ભાલેહે, ભાલેહે, ભાલે હેશમશીર ! ઓ કીર કીર કીર કીરતાર.
દુશ્મનો કે દમ, કોહ કરે જખમ, જાયગે અબ.
જાયગે અબ, સબી મીલકે હમ, ઓ કીર કીર કીર કીરતાર.

अल्लाउदीननुं लष्कर विजयी थइ शेहेरमां प्रवेश करतां गाय छे.

“ઓસોંગ ઉચીનાઉ શઈટ ચેરીલી.”

માલકકી ફજલસે ફતેહ પાયે, દુશમનકો માર ભગવાયે,
શોહરાએ પોહોચ્યા ફલ્ક, શર કીયા અપની ફોજે ગુજરાત
મુલ્ક, ગુજરાત મુલ્ક, ગુજરાત મુલ્ક, આબાદ ખુશનુમા,
ગુજરાત મુલ્ક, હુરે ! હુરે !!
ફોજ અપનીકુ હે શ્યાબાસી, દુશમનકી હુઇ સત્યાનાસી,
હસ્તી હુઇ સારી ખલ્ક, શર કિયા અપની.

चोरो लुटनी शोध करतां गाय छे.

શુનીએ જનાબ હાલ કહાતો,—(એ રાગ.)

૧ લો ચોર—શોધો સંભાલ રાખીને શીકાર સોબતી,

૨ જો ચોર—નાયક રીઝાશે આપણા, જરૂર તે થકી; શોધો.—ટેક

૩ જો ચોર—સરદાર છે હરામ. લુટ સર્વ ખાય છે,

૧ લો ચોર—તારા ડોળાથી ઝેરીલા, દેખાતું શું નથી ? શોધો.

૪ થો ચોર—ધંધો અમારો ચોરીનો, ચોરો ગણાઈયે,

૨ જો ચોર—વનમાં અમારૂં રાજ્ય, બિક કોઈની તો નથી. શોધો.

૧ લો ચોર—વાતોમાં રાત વહી જશે, છે હાણુ તેથકી,

૨ જો ચોર—સુઝે ન જવું કયાં હવે, ચાલો આ બાજુથી. શોધો.

देवलदेवी विरह वेदनामां प्रिती जणावे छे.

ગરબી.

કામણ દીસે છે અલબેલા તારી—(એ રાગ.)

મનગમતા, માનીતા મુજને શું કર્યું રે, મુજને શું કર્યું રે.

મનડું તેં હર્યું રે, મનગમતા માનીતા.—ટેક.

તન, મન, ધન અરપણ કરી બેઠી,

પ્રિતી ચટકાથી ચિતડું રહે ના ઠર્યું રે. મનગમતા.

તલસે નયન તુજ દરશણ માટે,

આ કાલજડું કુદે છે જાયે ના ધર્યું રે. મનગમતા.

પ્રાણજીવન અંતર ગત પ્રિછી,

પરણો દાસીને મન તો દ્રષ્ટિથી છે વર્યું રે. મનગમતા.

શંકળદેવ તથા દેવળદેવી ઈશ્વરી સાક્ષી રાખી ગંધર્વ લગ્નથી વરે છે.

ગીતી.

સાક્ષી સહુનો ભર્તા, રાખીને લગ્ન આજ આદરિયે,
સુખ, શાન્તિમાં રાખો, ઈશ્વર અમને, વધૂ ન કરગરિયે.

દેવળદેવી પોતાના પીતા કરણના પ્રેતની નજીક બેસી આત્મઘાત* કરવા અગાઉ દુઃખ જણાવે છે.

અબ આખરીકો સબ્જ પરીકા સલામ હે—(એ રાગ.)

આ કર્મ કેરી વાત, કોઇથી ન તે કળે,
અગ્નિવિના આ ખોળીઉં, ઉભું અરે બળે. આ કર્મ.—ટેક.
થવાનું ભુંડુ હોય તો, ન સુમતી મળે,
અભાગી પ્રાણી દેખતાં, કાંટા ભણી વળે. આ કર્મકેરી.
ધરમ, ધયાન, સત્ય, વિષય કીટથી સળે.
હવે શો શોક? શોકથી ગયું ન તે મળે. આ કર્મકેરી.
પાપના કુઝાડો ફળી, દુખનાં ફળે,
કરો ઉપાય કોટી, ચાખવાં ન તે ટળે. આ કર્મકેરી.
અરે ઓ દુખી જીવ, મોતથી વૃથા છળે,
થા તૈયાર પ્રાણ! પેટ શસ્ત્રને ગળે. આ કર્મકેરી.

---

* ખરી વાત તો એ છે કે, દેવલદેવીને મુસલમાનો દીલ્હી લઈ ગયા છે અને ત્યાં તેની મરજી વિરૂદ્ધ ખીજરખાં સાથે પરણાવી છે. પણ જેણે આ નાટકનો ગદ્ય ભાગ લખ્યો છે, તેણે ઇતિહાસને બાજુ પર મુકી ઉપર જણાવેલી ઊંધી કલ્પના કરી છે. આથી કવિતા રચનારને પણ ગાંડાના ગામમાં નિરૂપાયે ગાંડા થવાની જરૂર પડી છે.

તે શિવાય ચાહેમાં વાપરવાની ખાંડ, કાફી, સાબુચોખા, તાપીઓકો, આરારૂટ, કોરન ફ્લાવર, કોકો, મુરબો, મીણબતી, સાબુ, શીગાર, ચીરૂટ, અમેરીકન તંબાકુ, બરઝાઈ, ટરકીસ તંબાકુ, ઈત્યાદિ દરેક જાતનો માલ ખાત્રી ભરેલો સસતે ભાવે મળશે, જે એકવાર લઈ જવાથીજ ખાત્રી થશે શીવાય અમારે ત્યાં તયાર થતી તરેહવાર તરકી તંબાકુની શીગારેટ (કાગળની બીડીઓ) શો શો ના બાકસ નીચે લખેલા ભાવે મળશે.

ફીશમીકિવક શીગારેટશ (કાગળની બીડીયો)					...	૩	૦
હેલન	...	...	...	...	...	૨	૮
પ્રીન્સ ઓફ વેલ્સ	...	...	...	...	...	૨	૦
વીકટોરીયા...		...	...	...	...	૧	૮
શુલતાન	...	...	...	...	...	૧	૪
લારોઝા	...	...	...	...	...	૧	૦

ઉપર જણાવેલો માલ વેપાર માટે રકમબંધ ખરીદ કરનારને ઘણેજ કીફાયત ભાવે મળશે. બાહેરગામના આરડર ઉપર તરત ધીયાન આપવામાં આવશે. તેમજ વેપારને બરનો બીજો કંઇબી માલ અમારી મારફતે મગાવનાર પાસથી બે ટકા કમીશન લેવામાં આવશે. માટે કોઇબી માલને લગતો ભાવ મંગાવવો હોય તો પોસ્ટપેડ કાગળ નીચે લખેલે ઠેકાણે લખી વાળવો.

દામોદર રતનશી,

ચીનાઈ અને હિંદુસ્થાની ચાહે વેચનાર.

કાલકાદેવીને રસ્તે મહાજનવાડી પાસે નાં. ૨૭, મુંબઇ.

જાહેરખબર

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી કીફાયત
થી મળશે. અમારે ત્યા હરેક જાતનાં પુસ્તકો
કાયદા, વારતાઓ ફેસલા વિગરે હરેક જાતના
પુસ્તકો સામટાં લેનારને ઘણી કીફાયતથી રો
કડી કીમતે મળશે.

ચેગણી—ના બુકસેલર શા કપુરચંદ ભવાન
થા ભટ માધવજી મુળજી.

વડોદરા—માં દસરથ રાઘોબા તથા રણછોડ મો

વીરમગામ—માં મુળશંકર લલુ.

ધ્રાંગધરા—માં બુ. નરશી જીવા.

ભાવનગર—માં જમનાદાસ ત્રીકમજી.

રાજકોટ—માં ઠકર મદનજી આનંદજી.

સીધપુર—માં દામોદર જીવતરામ.

પાલનપુર—માં ઉજમલાલ તલકશી.

અમદાવાદ ત્રણદરવાજા પાસે સખારામભી
ક્ષેટ ખાતુ.